Mo.98243 68196
Email : kiritbhaigurjar@gmail.com
KIRIT A. GURJAR (ADVOCATE)
B.A., LL.B. Reg. G/367/2003
Off. : 601, 6th Floor, Shalin Centrum, Sector-11, Gandhinagar-382010
Resi. : At. Nava Koba, Ta. & Dist. Gandhinagar
Court : A-15, District Court, Sec-11, Gandhinagar.-382010

મો.૯૮૨૪૩૬૮૧૯૬
Email : kiritbhaigurjar@gmail.com
કિરીટ એ. ગુર્જર (એડવોકેટ)
બી.એ. એલ.એલ.બી. સનદ નં./૩૬૭/૨૦૦૩
ઓફીસ :-૬૦૧, છઠ્ઠો માળ, શાલીન સેન્ટ્રમ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦
રહેઠાણ : મુ.નવા કોબા, તા.જી.ગાંધીનગર-૩૮૨૪૨૬
કોર્ટ : એ-૧૫,ન્યાય મંદિર, સેક-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦

Ref. No.

Date :

# –:: ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ::–

પ્રતિશ્રી,

કેશવ રીયાલ્ટી એ નામની ભાગીદારી પેઢી

ઓફીસઃ– મુ.કુડાસણ તા.જી ગાંધીનગર

વિષય ::– ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ રાંદેસણની સીમના રેવન્યુ બ્લોક/સર્વે નં.૨૩૩+૨૩૪–પૈકી–૨૩ ની હે.આરે.ચો.મી. ૦–૮૦–૯૪ ના ક્ષેત્રફળવાળી જમીનનો ટી.પી.સ્કીમ નં. ૫ માં સમાવેશ થતા ગુડા ધ્વારા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૦૭ ની ૫૨૬૧ ચો.મી. વાળી જમીન પૈકી રહેણાંકના હેતુ માટેની ૪૨૬૧ ચો.મી. તથા વાણીજ્યના હેતુ માટેની ૧૦૦૦ ચો.મી. બીનખેતીના જમીન સંબંધે નું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા બાબત.

KIRIT A. GURJAR ADVOCATE GANDHINAGAR

ઉપરોક્ત વિષયમાં જણાવેલ ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ રાંદેસણની સીમના રેવન્યુ બ્લોક/સર્વે નં.૨૩૩+૨૩૪–પૈકી–૨૩ ની હે.આરે.ચો.મી. ૦–૮૦–૯૪ ના ક્ષેત્રફળવાળી જમીનનો ટી.પી.સ્કીમ નં. ૫ માં સમાવેશ થતા ગુડા ધ્વારા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૦૭ ની ૫૨૬૧ ચો.મી. વાળી જમીન પૈકી રહેણાંકના હેતુ માટેની ૪૨૬૧ ચો.મી. તથા વાણીજ્યના હેતુ માટેની ૧૦૦૦ ચો.મી. બીનખેતીના જમીન સાંઈ ઈન્ફ્રાકોન એ નામની ભાગીદારી પેઢી

Scanned with CamScanner

Mo.98243 68196
Email : kiritbhaigurjar@gmail.com
KIRIT A. GURJAR (ADVOCATE)
B.A., LL.B. Reg. G/367/2003
Off. : 601, 6th Floor, Shalin Centrum, Sector-11, Gandhinagar-382010
Resi. : At. Nava Koba, Ta. & Dist. Gandhinagar
Court : A-15, District Court, Sec-11, Gandhinagar.-382010

મો.૯૮૨૪૩૬૮૧૯૬
Email : kiritbhaigurjar@gmail.com
કિરીટ એ. ગુર્જર (એડવોકેટ)
બી.એ. એલ.એલ.બી. સનદ નં./૩૬૭/૨૦૦૩
ઓફીસ :-૬૦૧, છઠ્ઠો માળ, શાલીન સેન્ટ્રમ, સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦
રહેઠાણ : મુ.નવા કોબા, તા.જી.ગાંધીનગર-૩૮૨૪૨૬
કોર્ટ : એ-૧૫,ન્યાય મંદિર, સેક-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦

Ref. No.                                                     Date :

ની માલીકી, કબજા, ભોગવટાની તથા સર્વે પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની અમો પાસે માંગણી કરતા અમોને નીચે મુજબના રેવન્યુ રેકર્ડ પુરા પાડવામાં આવેલ. જે બ્લોક/સર્વે નંબર : ૨૩૩+૨૩૪–પૈકી–૨૩ વાળી જમીનને હવે પછી આ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટમાં "સદરહુ જમીન" એ રીતેના શબ્દોથી ઉચ્ચારવામાં આવેલ છે.

GURJAR ADVOCATE GANDHINAGAR

## –:: રેકર્ડ પુરા પાડયાની વિગત ::–

૧. સદરહુ બ્લોક નં. ૨૩૩+૨૩૪ પૈકી ના સને– ૧૯૫૨–૫૩ થી સને–૨૦૦૪–૨૦૦૫ સુધીના તા. ૧૪/૧૧/૨૦૧૮ ના ૭/૧૨ ના ઉતારાની નકલ.

૨. સદરહુ બ્લોક નં. ૨૩૩+૨૩૪ પૈકી ૨૩ ના તા.૨૪/૧/૨૦૨૦ તથા ૨૬/૬/૨૦૨૦ ના ૭/૧૨ તથા ૮–અ ના ઉતારાની નકલ.

૩. ૭/૧૨ ના ઉતારામાં દર્શાવેલ ગામ નમુના ૬ ના હકક પત્રકની તમામ નોંધો, ૧૨૧, ૧૬૮, ૫૮૦, ૯૯૦, ૧૭૩૧, ૨૨૩૩, ૨૩૭૧, ૩૬૧૭, ૩૬૧૮,૩૮૧૭,૩૮૨૦,૩૮૪૦,૩૯૫૮ ની નકલો

૪. પ્રાંત અધિકારીશ્રી,ગાંધીનગરના હુકમ નં પીઓ/જમીન/વશી,૨૦૧૨/૨૦૧૦ તા. ૭–૧–૨૦૧૧ ના હુકમની ઝેરોક્ષ નકલ

૫. તા.૨૬/૬/૨૦૨૦ ના રોજ થી ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ ધ્વારા આપવામાં આવેલ ઝોનીગ સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ.

૬. પાર્ટ પ્લાનની ઝેરોક્ષ નકલ.

૭. એફ ફોર્મની ઝેરોક્ષ નકલ.

૮. કલેકટરશ્રી ગાંધીનગરના હુકમ નં એસ.આર.૨૮૪/૧૮,સીબી/ગણોત /વશી/૪૭૧૭ થી ૪૭૨૫ તા. ૮–૭–૨૦૧૯ ની નકલ

Scanned with CamScanner

Mo.98243 68196
Email : kiritbhaigurjar@gmail.com
KIRIT A. GURJAR (ADVOCATE)
B.A., LL.B. Reg. G/367/2003
Off. : 601, 6th Floor, Shalin Centrum, Sector-11, Gandhinagar-382010
Resi. : At. Nava Koba, Ta. & Dist. Gandhinagar
Court : A-15, District Court, Sec-11, Gandhinagar.-382010

મો.૯૮૨૪૩૬૮૧૯૬
Email : kiritbhaigurjar@gmail.com
કિરીટ એ. ગુર્જર (એડવોકેટ)
બી.એ. એલ.એલ.બી. સનદ નં./૩૬૭/૨૦૦૩
ઓફીસ :-૬૦૧, છઠ્ઠો માળ, શાલીન સેન્ટ્રમ, સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦
રહેઠાણ : મુ.નવા કોબા, તા.જી.ગાંધીનગર-૩૮૨૪૨૬
કોર્ટ : એ-૧૫,ન્યાય મંદિર, સેક-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦

Ref. No. Date :

૯. કલેકટરશ્રી ગાંધીનગરના હુકમ નં ૬૮૫/૦૬/૦૩/૦૪૬/૨૦૧૯ તા.૩-૮-૨૦૧૯ ની ઝેરોક્ષ નકલ

૧૦. રજીસ્ટર ફારગતી લેખ નં ૨૫૮૮ તા. ૧-૨-૨૦૧૯

૧૧. ચેન્જ ઈન પાર્ટનરશીપ ડીડ ની ઝેરોક્ષ નકલ

૧૨. રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં ૩૦૨૫૦/૨૦૧૯ ની ઝેરોક્ષ નકલ

૧૩. હીરાભાઈ મગનભાઈ પ્રજાપતિ વિગેરેએ કરી આપેલ એફીડેવીટ કમ ડેકલેરેશનની નકલ તા. ૮-૧-૨૦૨૧

૧૪.રજી.વેચાણ દસ્તાવેજ નં ૨૧૪૪૪ તા. ૨૯-૧૦-૨૦૨૦

KIRIT A. GURJAR ADVOCATE GANDHINAGAR

## -:: રીપોર્ટ ઓન ટાઈટલ ::-

નામદાર સરકારશ્રીના મહેસુલ વિભાગની યાદી નં. જમીન/૧૬૬૬/૨૧૪૯૦/ ૦૪ તા.૧૬/૩/૬૬ તથા મે.કલેકટર સાહેબ ગાંધીનગરના હુકમ નં.સી.બી.લેન્ડ/૩૩/ તા.૧૧/૪/૬૬ મુજબ બ્લોક નં. ૨૩૩+૨૩૪-પૈકી વાળી ૨-એકર જમીન હિરાભાઈ મગનભાઈ તથા બાબુભાઈ મગનભાઈના વાલી બાઈ સંતોકબેનને શરતોને આધીન નવિ અને અવિભાજય શરતે આપેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડે એન્ટ્રી નં. ૧૨૧ તા. ૫/૭/૬૬ ના રોજ થી પડેલ જે નોંધ તા.૪/૬/૭૦ ના રોજ મંજુર કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ બ્લોક નં. ૨૩૩+૨૩૪-પૈકી વાળી જમીનના રેવન્યુ રેકર્ડ દર્શાવેલ ફેરફાર નોંધ નં.૧૬૮ તા.૪/૩/૧૯૭૯ બ્લોક નં. ૨૧૪ ને લાગુ પડે છે. સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડને લાગુ નથી.

ત્યારબાદ સદરહુ ૨૩૩+૨૩૪-પૈકી વાળી જમીન અંગે મે.પ્રાંત અધિકારીશ્રી ગાંધીનગરની કોર્ટમાં નવી શરતની જમીન પડતર રાખવા અંગે ચાલતા શરતભંગના કેસ અંગે સદરહુ જમીન અંગે કોઈ શરતભંગ થયાનું સાબીત થતુ ન હોઈ પ્રાંત અધિકારીશ્રીના કેસ નં. ૧૫૬/૮૨ થી આપેલ નોટીસ પરત ખેંચવા હુકમ કરતા હુકમ

Scanned with CamScanner

Mo.98243 68196
Email : kiritbhaigurjar@gmail.com
KIRIT A. GURJAR (ADVOCATE)
B.A., LL.B. Reg. G/367/2003
Off. : 601, 6th Floor, Shalin Centrum, Sector-11, Gandhinagar-382010
Resi. : At. Nava Koba, Ta. & Dist. Gandhinagar
Court : A-15, District Court, Sec-11, Gandhinagar.-382010

મો.૯૮૨૪૩૬૮૧૯૬
Email : kiritbhaigurjar@gmail.com
કિરીટ એ. ગુર્જર (એડવોકેટ)
બી.એ. એલ.એલ.બી. સનદ નં./૩૬૭/૨૦૦૩
ઓફીસ :-૬૦૧, છઠ્ઠો માળ, શાલીન સેન્ટ્રમ, સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦
રહેઠાણ : મુ.નવા કોબા, તા.જી.ગાંધીનગર-૩૮૨૪૨૬
કોર્ટ : એ-૧૫,ન્યાય મંદિર, સેક-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦

Ref. No. Date :

અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ એન્ટ્રી નં. ૫૮૦ થી તા. ૧૪/૫/૧૯૯૧ ના રોજ થી પડેલ જે નોંધ તા.૯/૮/૯૧ ના રોજ થી મંજુર થયેલ.

મે.મામલતદારશ્રી ગાંધીનગરના હુકમ નં. એસઆર/..../૦૨ તા.૧૨/૧૨/૦૨ થી ૬૦ પટની રકમ રૂા.૪૫૭.૨૦ પૈસા પ્રજાપતિ હિરાભાઈ મગનભાઈ વિગેરેએ ભરપાઈ કરતા સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓને આધીન સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડ પ્ર.સ.પ્ર. જેવી નોંધ થયેલ તે કમી કરી માત્ર બિનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર તેવી નોંધ શરતોને આધીન કરવા અંગેનો હુકમ કરેલ જે હુકમ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ એન્ટ્રી નં.૯૯૦ થી તા.૨૭/૧/૨૦૦૩ ના રોજ થી પડેલ.

ત્યારબાદ સદરહુ બ્લોક નં. ૨૩૩+૨૩૪-પૈકી ૨૪ ના ખાતેદાર હિરાભાઈ મગનભાઈ તથા બાબુભાઈ મગનભાઈએ તેમની હયાતીમાં તેમના કાયદેસરના સીધીલીટીના વારસદારો એવા જ્યોત્સનાબેન બાબુભાઈ, ગૌતમભાઈ બાબુભાઈ, કમુબેન હીરાલાલ, ભાવનાબેન હીરાલાલ, ભરતભાઈ હીરાભાઈ તથા વિનોદભાઈ હીરાભાઈના નામો વારસાઈ હકકેદાખલ કરવા અંગેની વારસાઈ નોંધ રેવન્યુ રેકર્ડ એન્ટ્રી નં.૧૭૩૧ તા. ૩/૯/૦૭ ના રોજ પડેલ જે નોંધ અરજી, સોગંદનામું તથા નોટીસથી ખાત્રી કરી રેવન્યુ ઓથોરીટી ધ્વારા પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ બ્લોક નં. ૨૩૩+૨૩૪-પૈકી ૨૪ ના સહહીસ્સેદાર એવા પ્રજાપતિ ગૌતમકુમાર બાબુલાલનુ તા.૨૦/૮/૦૯ ના રોજ અવસાન થવાથી તેમના કાયદેસરના સીધીલીટીના વારસદારો તરીકે નિરમા ઉર્ફે સ્નેહા ગૌતમકુમારની વિધવા, સગીર દિવ્યમ ગૌતમકુમાર પ્રજાપતિના નામો વારસાઈ હકકે દાખલ કરવા અંગેની વારસાઈ નોંધ રેવન્યુ રેકર્ડ એન્ટ્રી નં.૨૨૩૩ તા. ૧૫/૭/૧૦ ના રોજ પડેલ જે નોંધ અરજી, મરણનો દાખલો, સોગંદનામું, પેઢીનામું તથા નોટીસથી ખાત્રી કરી રેવન્યુ ઓથોરીટી ધ્વારા પ્રમાણીત કરવામાં આવેલ.

KIRIT A. GURJAR ADVOCATE GANDHINAGAR

Scanned with CamScanner

Mo.98243 68196
Email : kiritbhaigurjar@gmail.com
KIRIT A. GURJAR (ADVOCATE)
B.A., LL.B. Reg. G/367/2003
Off. : 601, 6th Floor, Shalin Centrum, Sector-11, Gandhinagar-382010
Resi. : At. Nava Koba, Ta. & Dist. Gandhinagar
Court : A-15, District Court, Sec-11, Gandhinagar.-382010

મો.૯૮૨૪૩૬૮૧૯૬
Email : kiritbhaigurjar@gmail.com
કિરીટ એ. ગુર્જર (એડવોકેટ)
બી.એ. એલ.એલ.બી. સનદ નં./૩૬૭/૨૦૦૩
ઓફીસ :-૬૦૧, છઠ્ઠો માળ, શાલીન સેન્ટ્રમ, સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦
રહેઠાણ : મુ.નવા કોબા, તા.જી.ગાંધીનગર-૩૮૨૪૨૬
કોર્ટ : એ-૧૫,ન્યાય મંદિર, સેક-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦

Ref. No.

Date :

મે.પ્રાંત અધિકારીશ્રી ગાંધીનગરના હુકમ નં.પીઓ/ જમીન/વશી /૨૦૧૨/ ૨૦૧૦ તા.૭/૧/૨૦૧૧ થી મોજે રાંદેસણ તા.જી. ગાંધીનગરના સીમના બ્લોક નં. ૨૩૩+૨૩૪ પૈકી વાળી જમીન અંગે આપવામાં આવેલા નંબરો કબજા આધારે આપવામાં આવેલ ન હોઈ ૭/૧૨ માં સુધારો કરવા જણાવેલ એ મુજબ સદરહુ જમીનનો મુળ બ્લોક નં. ૨૩૩+૨૩૪ પૈકી ૨૪ હતો તેની જગ્યાએ બ્લોક નં. ૨૩૩+૨૩૪ પૈકી ૨૩ કરવા અંગેનો હુકમ કરેલ જે હુકમ ની નોંધ રેવન્યુ રેકર્ડ એન્ટ્રી નં.૨૩૭૧ થી તા. ૨૭/૧/૨૦૧૧ ના રોજ પડેલ જે નોંધ રેવન્યુ ઓથોરીટી ઘ્વારા મંજુર કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ ૨૩૩+૨૩૪–પૈકી–૨૩ હે.આરે.ચો.મી. ૦–૮૦–૯૪ વાળી જમીન હીરાભાઈ મગનભાઈ તથા બાબુભાઈ મગનભાઈના વાલી સંતોકબેન રેવન્યુ રેકર્ડે ચાલતુ આવેલ પરંતુ સંતોકબેનનુ મરણ થયેલ હોઈ મરણનો દાખલો તથા સગીરમાંથી પુખ્ત અંગે હીરાભાઈ મગનભાઈ તથા બાબુભાઈ મગનભાઈના સોગંદનામા આધારે સગીર પુખ્તની નોંધ રેવન્યુ રેકર્ડ એન્ટ્રી નં. ૩૬૧૭ તા.૨૫/૧૦/૧૮ ના રોજ પડેલ જે નોંધ રેવન્યુ ઓથોરીટી ઘ્વારા મંજુર કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ ૨૩૩+૨૩૪–પૈકી–૨૩ હે.આરે.ચો.મી. ૦–૮૦–૯૪ વાળી જમીનના સહહીસ્સેદાર જ્યોત્સનાબેન તે બાબુભાઈ મગનભાઈની પત્નીનુ તા.૨૩/૭/૧૮ ના રોજ અવસાન થતા તેમનુ નામ કમી કરવા અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ એન્ટ્રી નં.૩૬૧૮ તા.૨૫/૧૦/૧૮ ન ારોજ પડેલ જે નોંધ રેવન્યુ ઓથોરીટી ઘ્વારા પ્રમાણીત કરવામાં આવેલ.ત્યારબાદ સદરહુ જમીનના ખાતેદાર પૈકી નિરમા ઉર્ફે સ્નેહા ગૌતમકુમારની વિધવા, સગીર દિવ્યમ ગૌતમકુમાર પ્રજાપતનિા કુદરતી વાલી અને ઈષ્ટમિત્ર તરીકે નિરમા ઉર્ફે સ્નેહા ગૌતમકુમારની વિધવાએ સદરહુ જમીનમાંથી પોષાતા તેમના હકકો બાબુભાઈ મગનભાઈ પ્રજાપતિની તરફેણમાં

Scanned with CamScanner

Mo.98243 68196
Email : kiritbhaigurjar@gmail.com
KIRIT A. GURJAR (ADVOCATE)
B.A., LL.B. Reg. G/367/2003
Off. : 601, 6th Floor, Shalin Centrum, Sector-11, Gandhinagar-382010
Resi. : At. Nava Koba, Ta. & Dist. Gandhinagar
Court : A-15, District Court, Sec-11, Gandhinagar.-382010

મો.૯૮૨૪૩૬૮૧૯૬
Email : kiritbhaigurjar@gmail.com
કિરીટ એ. ગુર્જર (એડવોકેટ)
બી.એ. એલ.એલ.બી. સનદ નં./૩૬૭/૨૦૦૩
ઓફીસ :-૬૦૧, છઠ્ઠો માળ, શાલીન સેન્ટ્રમ, સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦
રહેઠાણ : મુ.નવા કોબા, તા.જી.ગાંધીનગર-૩૮૨૪૨૬
કોર્ટ : એ-૧૫,ન્યાય મંદિર, સેક-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦

Ref. No. Date :

અવેજ સ્વીકારી તા.૦૧/૦૨/૨૦૧૯ ના રોજ અનુક્રમ નં. ૨૫૮૮ થી ફારગતી લેખથી જતાં કરતાં તેમના નામો કમી કરવા નોંધ કરવામાં આવેલ અને તે અંગેની રેવન્યુ દફતરે ફેરફાર નોંધ નં. ૩૮૧૭, તા.૦૯/૦૭/૨૦૧૯ ના રોજ નોંધવામાં આવેલ છે. જે નોંધ તા.૧૮/૦૯/૨૦૧૯ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ મહેરબાન કલેકટરશ્રી, ગાંધીનગરના હુકમ નં. એસ.આર.૨૮૪/૧૮, સીબી/ગણોત/વશી.૪૭૧૭ થી ૪૭૨૫/૨૦૧૯, તા.૦૮/૦૭/૨૦૧૯ ના રોજ સદરહુ રેવન્યુ બ્લોક/સર્વે નં. ૨૩૩+૨૩૪–પૈકી–૨૩ ની કુલ હે.આરે.ચો.મી. ૦–૮૦–૯૪ વાળી જમીનનો ટી.પી. સ્કીમ નં. ૫ માં સમાવેશ થતાં ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૦૭ ની ૫૨૬૧ ચો.મી. વાળી જમીન પૈકી રહેણાંકના હેતુ માટેની ૪૨૬૧ ચો.મી. તથા વાણીજ્યના હેતુ માટેની ૧૦૦૦ ચો.મી. હેતુફેરની પરવાનગી હુકમમાં જણાવેલ શરતોને આધીન આપવામાં આવતાં નોંધ કરવામાં આવેલ. અને તે અંગેની રેવન્યુ દફતરે ફેરફાર નોંધ નં. ૩૮૨૦ તા.૧૨/૦૭/૨૦૧૯ ના રોજ નોંધવામાં આવેલ છે. જે નોંધ તા.૧૯/૦૯/૨૦૧૯ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.

KIRIT A. GURJAR ADVOCATE GANDHINAGAR

ત્યારબાદ સદરહું જમીન બાબતે મહે.કલેકટરશ્રી, ગાંધીનગર તા.૦૩/૦૮/૨૦૧૯ ના હુકમ ક્રમાંક : ૬૮૫/૦૬/૦૩/૦૪૬/૨૦૧૯ મુજબ બિનખેતીનો હુકમ કરવામાં આવતાં નોંધ કરવામાં આવેલ અને તે અંગેની રેવન્યુ દફતરે ફેરફાર નોંધ નંબર : ૩૮૪૦, તા.૦૩/૦૮/૨૦૧૯ ના રોજ નોંધવામાં આવેલ છે. જે નોંધ તા.૦૩/૧૦/૨૦૧૯ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે. ત્યારથી સદરહુ રહેણાક તથા વાણીજયના હેતુ માટેની બિનખેતીની જમીનના માલીક હિરાભાઈ મગનભાઈ, બાબુભાઈ મગનભાઈ, કમુબેન હિરાભાઈ, ભાવનાબેન હિરાભાઈ, ભરતભાઈ હિરાભાઈ, વિનોદભાઈ હિરાભાઈનાઓ સંયુકત માલીક કબજેદાર ભોગવટેદાર બનેલા.

Scanned with CamScanner

Mo.98243 68196
Email : kiritbhaigurjar@gmail.com
KIRIT A. GURJAR (ADVOCATE)
B.A., LL.B. Reg. G/367/2003
Off. : 601, 6th Floor, Shalin Centrum, Sector-11, Gandhinagar-382010
Resi. : At. Nava Koba, Ta. & Dist. Gandhinagar
Court : A-15, District Court, Sec-11, Gandhinagar.-382010

મો.૯૮૨૪૩૬૮૧૯૬
Email : kiritbhaigurjar@gmail.com
કિરીટ એ. ગુર્જર (એડવોકેટ)
બી.એ. એલ.એલ.બી. સનદ નં./૩૬૭/૨૦૦૩
ઓફીસ :-૬૦૧, છઠ્ઠો માળ, શાલીન સેન્ટ્રમ, સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦
રહેઠાણ : મુ.નવા કોબા, તા.જી.ગાંધીનગર-૩૮૨૪૨૬
કોર્ટ : એ-૧૫,ન્યાય મંદિર, સેક-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦

Ref. No. Date :

ત્યારબાદ સદરહુ બ્લોક/સર્વે નં. ૨૩૩+૨૩૪ પૈકી ૨૩ જેનો ગુડા ધ્વારા ટી.પી.સ્કીમ નં.૫ માં સમાવેશ કરી ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૦૭ ની ૫૨૬૧ ચો.મી. વાળી જમીન પૈકી રહેણાંક્ના હેતુ માટેની ૪૨૬૧ ચો.મી. તથા વાણીજયના હેતુ માટેની ૧૦૦૦ ચો.મી. બીનખેતીની જમીનના માલીક એવા હિરાભાઈ મગનભાઈ, બાબુભાઈ મગનભાઈ, કમુબેન હિરાભાઈ, ભાવનાબેન હિરાભાઈ, ભરતભાઈ હિરાભાઈ, વિનોદભાઈ હિરાભાઈનાઓ પાસેથી સાંઈ ઈન્ફ્રાકોન એ નામની ભાગીદારી પેઢીએ વેચાણ રાખવાનું નકકી કરી રીતસરના રજી.વેચાણ દસ્તાવેજનં. ૩૦૨૫૦ તા.૯/૧૨/૨૦૧૯ ના રોજ અઘાટ વેચાણ રાખેલ જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ એન્ટ્રી નં. ૩૯૫૮ તા.૧૮/૧૨/૨૦૧૯ ના રોજ પડેલ જે નોંધ રેવન્યુ ઓથોરીટી ધ્વારા પ્રમાણીત કરવામાં આવેલ.

ઉપરોક્ત દર્શાવ્યા મુજબના રેવન્યુ રેકર્ડ અમોને પુરા પાડયા બાદ અમોએ સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો વિગેરે હોય તો તે પુરાવા સહીત લેખિત વાંધા રજુ કરવા સારૂ "સંદેશ" દૈનિક સમાચાર પત્રમાં તારીખ : ૨૭/૮/૨૦૨૦ ના રોજ જાહેર નોટીસ પ્રસિઘ્ધ કરેલ જેમાં દિન–૭ (સાત) માં તેવા હકક, દાવા સંબંધી પુરાવા રજુ કરવા જાહેર જનતાને જાણ કરેલ આ રીતે અમોએ જાહેર નોટીસ આપ્યા બાદ હીરાભાઈ મગનભાઈ પ્રજાપતિએ એડવોકેટશ્રી અશોક એચ પટેલ ધ્વારા વાંધા અરજી આપેલ અને સદરહું પરત્વે વેચાણ અવેજની રકમ સાંઈ ઈન્ફ્રાકોન એ નામની ભાગીદારી પેઢી પાસેથી મેળવવાની બાકી હોવાનું જણાવેલ ત્યારબાદ સદરહું જમીનના મુળ માલીક એવા હીરાભાઈ મગનભાઈ પ્રજાપતિ,કમુબેન હીરાભાઈ પ્રજાપતિ,ભાવનાબેન હીરાભાઈ પ્રજાપતિ,ભરતભાઈ હીરાભાઈ પ્રજાપતિ,વિનોદભાઈ હીરાભાઈ પ્રજાપતિએ એફીડેવીટ કમ ડેકલેરેશન નોટરીશ્રી જીતેન્દ્ર એલ દેસાઈ સમક્ષ નોધાવી અમો એડવોકેટશ્રીને આપેલ વાંધો બિનશરતી પરત ખેંચેલ તે સિવાય સદરહુ જમીન સંબંધે

KIRIT A. GURJAR ADVOCATE

Scanned with CamScanner

Mo.98243 68196
Email : kiritbhaigurjar@gmail.com
KIRIT A. GURJAR (ADVOCATE)
B.A., LL.B. Reg. G/367/2003
Off. : 601, 6th Floor, Shalin Centrum, Sector-11, Gandhinagar-382010
Resi. : At. Nava Koba, Ta. & Dist. Gandhinagar
Court : A-15, District Court, Sec-11, Gandhinagar.-382010

મો.૯૮૨૪૩૬૮૧૯૬
Email : kiritbhaigurjar@gmail.com
કિરીટ એ. ગુર્જર (એડવોકેટ)
બી.એ. એલ.એલ.બી. સનદ નં./૩૬૭/૨૦૦૩
ઓફીસ :-૬૦૧, છઠ્ઠો માળ, શાલીન સેન્ટ્રમ, સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦
રહેઠાણ : મુ.નવા કોબા, તા.જી.ગાંધીનગર-૩૮૨૪૨૬
કોર્ટ : એ-૧૫,ન્યાય મંદિર, સેક-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦

Ref. No. Date :

આજદીન સુધી કોઈના કોઈપણ જાતના વાંધા તકરાર કે હકક, દાવા આવેલ નથી તેમજ અમોએ સબ રજીસ્ટ્રારશ્રી દસ્તાવેજ નોંધણી કચેરી ગાંધીનગર ખાતે દસ્તાવેજ રજીસ્ટ્રેશન ઈન્ડેક્ષના ચોપડાઓની સને-૧૯૯૦ થી ૨૦૨૦ ની સાલ સુધીનું સદરહુ જમીનનું ઈન્સ્પેકશન તા. ૨૧/૯/૨૦૨૦ ના રોજ પાવતી નંબર : ૨૦૨૦૦૪૮૦૪૧૯૪૫ થી રજીસ્ટર/ચોપડાઓ જે હાલતમાં હતા તે જોતાં સદરહુ કુલ જમીન પૈકી ૨૦૨૩.૫ ચો.મી. જમીન અંગે અવેજી રીલીઝ દસ્તાવેજ અનુક્રમ નં.૨૫૮૮ તા.૧/૨/૨૦૧૯ ના રોજથી થયેલ છે તથા રજીસ્ટર દસ્તાવેજ નં ૩૦૨૫૦/૨૦૧૯તે સિવાય અન્ય તબદીલને પાત્ર અન્ય કોઈ વ્યવહારથી તબદીલ થયેલ હોવાનું જણાઈ આવતુ નથી કે સબ.રજીસ્ટ્રારના રેકર્ડે કોઈ બોજો ચાર્જ કે લીયન ઉત્પન્ન થયેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવતું નથી. ઉપરોકત રજુ કરેલ પુરાવાને ધ્યાને લઈ નીચે મુજબનો અભિપ્રાય આપેલ છે.

KIRIT A. GURJAR ADVOCATE GANDHINAGAR

## -:: અભિપ્રાય ::-

આમ, ઉપરોકત હકીકતો જોતા ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ રાંદેસણની સીમના રેવન્યુ બ્લોક/સર્વે નં.૨૩૩+૨૩૪-પૈકી-૨૩ ની હે.આરે.ચો.મી. ૦-૮૦-૯૪ ના ક્ષેત્રફળવાળી જમીનનો ટી.પી.સ્કીમ નં. ૫ માં સમાવેશ થતા ગુડા ધ્વારા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૦૭ ની ૫૨૬૧ ચો.મી. વાળી જમીન પૈકી રહેણાંકના હેતુ માટેની ૪૨૬૧ ચો.મી. તથા વાણીજયના હેતુ માટેની ૧૦૦૦ ચો.મી. બીનખેતીના જમીન કેશવ રીયાલ્ટી એ નામની ભાગીદારી પેઢીએ સાંઈ ઈન્ફ્રાકોન એ નામની ભાગીદારી પેઢી પાસેથી તા. ૨૯-૧૦-૨૦૨૦ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ નં ૨૧૪૪૪ થી અઘાટ વેચાણ રાખેલ હોઈ જે અંગેની નોધ ૪૧૪૮ થી પડી પ્રમાણીત થયેલ હોઈ સદરહું જમીન કેશવ રીયાલ્ટી એ નામની ભાગીદારી પેઢીની માલીકી, કબજા, ભોગવટાની તથા સર્વે પ્રકારના બોજાઓથી મુકત હોવાનુ જણાઈ આવે છે આમ સદરહુ જમીનના રેવન્યુ

Scanned with CamScanner

Mo.98243 68196
Email : kiritbhaigurjar@gmail.com
KIRIT A. GURJAR (ADVOCATE)
B.A., LL.B. Reg. G/367/2003
Off. : 601, 6th Floor, Shalin Centrum,
Sector-11, Gandhinagar-382010
Resi. : At. Nava Koba, Ta. & Dist. Gandhinagar
Court : A-15, District Court, Sec-11, Gandhinagar.-382010

મો.૯૮૨૪૩૬૮૧૯૬
Email : kiritbhaigurjar@gmail.com
કિરીટ એ. ગુર્જર (એડવોકેટ)
બી.એ. એલ.એલ.બી. સનદ નં./૩૬૭/૨૦૦૩
ઓફીસ :–૬૦૧, છઠ્ઠો માળ, શાલીન સેન્ટ્રમ,
સેક્ટર–૧૧, ગાંધીનગર–૩૮૨૦૧૦
રહેઠાણ : મુ.નવા કોબા, તા.જી.ગાંધીનગર-૩૮૨૪૨૬
કોર્ટ : એ-૧૫,ન્યાય મંદિર, સેક-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦

Ref. No. Date :

રેકર્ડ પડેલ ઉપરોક્ત ફેરફાર નોંધો જોતા સદરહુ જમીનના તમામ રાઈટ ટાઈટલ ક્લીયર માર્કેટેબલ તેમજ ટ્રાન્સફરેબલ ગણી શકાય.

નોંધ :– લેન્ડ રેવન્યુ કોડ તથા રૂલ્સ તથા ગણોત ધારા તથા ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટના પ્રબંધોને આધીન.

તારીખ : ૯/૧/૨૦૨૧
સ્થળ : ગાંધીનગર.

કિરીટ એ. ગુર્જર
એડવોકેટ

KIRIT A. GURJAR ADVOCATE GANDHINAGAR

Scanned with CamScanner